# બનાસ ડેરીમાં બારેમાસ ગુંજે છે 'હર હર મહાદેવ'નો નાદ

**બનાસ ડેરીના પટાંગણ સ્થિત દૂધેશ્વર મહાદેવ મંદિર અને પવિત્ર શિવલિંગ પશુપાલકોને દિવ્યતાની અનુભૂતિ કરાવે છે**



પ્રકાશન:- ઈન્ચાર્જ મેનેજિંગ ડિરેક્ટર (બનાસ ડેરી), બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., પો.બો. ૨૦, પાલનપુર-૩૮૫૦૦૧

Banas Dairy
India's Pride - Asia's Best



બનાસની ધરતીનો
# ધબકાર

અંક: ૯ | સપ્ટેમ્બર-૨૦૨૩ www.banasdairy.coop banasdairy1969 banasdairy1969 banasdairy1969 banasdairymedia

**'મન કી બાત'માં બનાસની વાત:** માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસ ડેરીનાં કાર્યોને બિરદાવ્યાં, ટ્રક ઓન ટ્રેક પહેલની કરી પ્રશંસા

**ઉજ્જ્વળ ભવિષ્યની પહેલ :** આત્મનિર્ભર ભારત, આત્મનિર્ભર બનાસના સંકલ્પ સાથે બનાસ ડેરીએ જિલ્લામાં બાયો CNG ગેસ સ્ટેશન સ્થાપવા જાપાનની સુઝુકી કંપની સાથે કર્યા MOU

**બનાસ ડેરી બની લોકભાગીદારીની મિસાલ:** જનભાગીદારી થકી બનાસ ડેરીએ સહકારી ક્ષેત્રમાં લખી સફળતાની કહાની



# વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ 'મન કી બાત' કાર્યક્રમમાં બનાસ ડેરીનાં કાર્યોને બિરદાવ્યાં




દેશના માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીજી પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં દર વખતે કોઈ નવી વાતનો ઉલ્લેખ કરતા હોય છે અને દેશના વિવિધ ક્ષેત્રમાં થયેલાં કાર્યોને બિરદાવતા હોય છે ત્યારે ઓગસ્ટ મહિનાના છેલ્લા અઠવાડિયામાં વડાપ્રધાનશ્રીએ 'મન કી બાત' કાર્યક્રમમાં બનાસવાસીઓની જીવાદોરી બનાસ ડેરીની વાત કરી હતી. બનાસ ડેરીની વાત કરતાં વડાપ્રધાનશ્રીએ, 'ટ્રક ઓન ટ્રેક', એક નવતર પ્રોજેક્ટની પ્રશંસા કરી હતી.

**સકારાત્મક અને દૂરંદેશીતાપૂર્ણ વિચારો સાથે જેઓ સરકારની નીતિઓ દ્વારા દેશના લાખો ગ્રામીણ પશુપાલકોના જીવનને સમૃદ્ધ બનાવવા માટે સતત પ્રયત્નશીલ છે તેવા આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના લાખો બનાસ પરિવાર હૃદયપૂર્વક આભારી છીએ. 'મન કી બાત' કાર્યક્રમમાં મોદી સાહેબના શબ્દો થકી મળેલું પ્રોત્સાહન ગામ, ગરીબ અને કિસાનોમાં ઊર્જાનો નવીન સંચાર થાય છે.**

**શ્રી શંકરભાઈ (ચેરમેન, બનાસ ડેરી)**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ આજે એશિયાની સૌથી મોટી બનાસ ડેરીમાં થઈ રહેલા નવા મહત્ત્વના પ્રોજેક્ટની પ્રશંસા કરી. પોતાના 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાનશ્રીએ વાત કરતાં



જણાવ્યું હતું કે બનાસ ડેરીમાં દરરોજ આશરે ૭૫ લાખ લિટર દૂધ પ્રોસેસ કરવામાં આવે છે. આ દૂધને અન્ય રાજ્યમાં પહોંચાડવા માટે થોડો સમય લાગતો હોય છે. લોડિંગ અનલોડિંગમાં સમય વધારે થવાના કારણે ક્યારેક એવું પણ બનતું હોય છે કે દૂધ બગડી જાય, પરંતુ આ સમસ્યાને દૂર કરવા માટે ભારતીય રેલવે દ્વારા 'ટ્રક ઓન ટ્રેક'નો નવો પ્રોજેક્ટ અમલમાં મૂકવામાં આવ્યો છે. આ પ્રોજેક્ટ અંતર્ગત પાલનપુરથી ન્યૂ રેવાડી સુધી 'ટ્રક ઓન ટ્રેક'ની સુવિધા અમલમાં મૂકવામાં આવી છે. આ સુવિધા અંતર્ગત દૂધના ટેન્કરને સીધું જ ટ્રેન પર ચઢાવી દેવામાં આવે છે, જેના કારણે ટ્રાન્સપોર્ટેશનની સમસ્યામાંથી મુક્તિ મળી છે. તદુપરાંત ઈંધણના ખર્ચની બચત થવાની સાથે પ્રદૂષણમાં પણ ઘટાડો થાય છે. પહેલાં જે દૂધ પહોંચાડવામાં ૩૦ કલાક જેટલો સમય લાગતો હતો તે હવે માત્ર અડધા સમયમાં જ પહોંચી જાય છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વધુમાં જણાવ્યું હતું કે આ સુવિધાના કારણે ટ્રકોના ડ્રાઈવરને પણ ફાયદો થઈ રહ્યો છે. તેઓને જીવનનિર્વાહમાં મદદ મળી રહી છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ બનાસ ડેરીએ પર્યાવરણ સંરક્ષણ ક્ષેત્રમાં કરેલ કાર્યને પણ આજના 'મન કી બાત' કાર્યક્રમમાં બિરદાવ્યું હતું. બનાસ ડેરીએ કરેલા સીડ બોલ અને વૃક્ષારોપણ અભિયાનનો પોતાની વાતમાં ઉલ્લેખ કરતાં કહ્યું હતું કે સહકારની ભાવના થકી પર્યાવરણ ક્ષેત્રે મહત્ત્વનું કામ થઇ રહ્યું છે.

આજે બનાસ ડેરીની વિકાસલક્ષી બાબતોને 'મન કી બાત' કાર્યક્રમમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ બિરદાવતાં ચેરમેન શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે વડાપ્રધાનશ્રી દ્વારા મળતા માર્ગદર્શન, પ્રેરણા અને હૂંફ અમને હંમેશાં નવું કરવાની શક્તિ આપે છે. આજે બનાસના પશુપાલકોની મહેનતને વડાપ્રધાને બિરદાવી છે. વડાપ્રધાનના સંબોધનમાં બનાસના ઉલ્લેખથી આજે બનાસવાસીઓમાં આનંદ છવાયો છે. બનાસ માટે સતત ચિંતા કરતા આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનથી આપણી બનાસ ડેરી તેના કાર્યક્ષેત્રમાં સતત નવી સિદ્ધિઓ હાંસલ કરતી રહેશે.

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ 'મન કી બાત'ના ૧૦૪મા એપિસોડમાં બનાસ ડેરીનાં કાર્યોને બિરદાવતાં કહેલી પ્રેરણાદાયક વાતનું શબ્દસઃ વર્ણન



**પ્રસારણ તારીખઃ ૨૭-૦૮-૨૦૨૩**

"મારા પરિવારના સભ્યો, તમે બધા જાણો છો કે ડેરી સેક્ટર આપણા દેશનાં સૌથી મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોમાંનું એક છે. તેણે આપણી માતાઓ અને બહેનોના જીવનમાં મોટો ફેરફાર લાવવામાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. થોડાં દિવસો પહેલા જ મને ગુજરાતની બનાસ ડેરીના એક Interesting Initiative વિશે જાણવા મળ્યું. 'બનાસ'એ એશિયાની સૌથી મોટી ડેરી ગણાય છે. અહીં દરરોજ સરેરાશ ૭૫ લાખ લિટર દૂધ પ્રોસેસ થાય છે. આ પછી તેને અન્ય રાજ્યમાં પણ મોકલવામાં આવે છે. અન્ય રાજ્યમાં અહીં દૂધ સમયસર પહોંચાડવા માટે અત્યાર સુધી ટેન્કર અથવા દૂધની ટ્રેનનો સહારો લેવામાં આવતો હતો. પરંતુ આમાં પણ ઓછા પડકારો ન હતા, પહેલાં તો loading અને unloadingમાં ઘણો સમય લાગતો હતો અને ક્યારેક દૂધ પણ બગડી જતું હતું. આ સમસ્યાને દૂર કરવા માટે ભારતીય રેલ વિભાગે એક નવો પ્રયોગ કર્યો છે. રેલ વિભાગે પાલનપુરથી નવી રેવાડી સુધી Truck-on-Track સુવિધા શરૂ કરી. આમાં દૂધની ટ્રક સીધી ટ્રેનમાં લોડ કરવામાં આવે છે એટલે કે ટ્રાન્સપોર્ટેશનની મોટી સમસ્યા આનાથી દૂર થઈ ગઈ છે. Truck-on-Track સુવિધાનાં પરિણામો ખૂબ જ સંતોષકારક રહ્યાં છે. પહેલાં જે દૂધ પહોંચવામાં ૩૦ કલાક લાગતા હતા તે હવે અડધાથી પણ ઓછા સમયમાં પહોંચી જાય છે, જેના કારણે ઈંધણથી થતું પ્રદૂષણ અટક્યું છે, ઈંધણનો ખર્ચ પણ બચી રહ્યો છે. આનાથી ટ્રક ચાલકોને પણ ઘણો ફાયદો થયો છે, તેમનું જીવન સરળ બન્યું છે.

સાથીઓ, આજે આપણી ડેરીઓ પણ સામૂહિક પ્રયાસોના કારણે આધુનિક વિચારસરણી સાથે આગળ વધી રહી છે. બનાસ ડેરીએ પણ પર્યાવરણ સંરક્ષણની દિશામાં કેવી રીતે એક પગલું આગળ વધાર્યું છે તે સીડ બોલ વૃક્ષારોપણ અભિયાન દ્વારા જાણી શકાય છે. Varanasi Milk Union અમારા ડેરી ખેડૂતોની આવક વધારવા માટે manure management પર કામ કરી રહ્યું છે."

# એક સંકલ્પ-એક લક્ષ્ય : આત્મનિર્ભર ભારત આત્મનિર્ભર બનાસ, બાયો CNG ગેસ સ્ટેશન સ્થાપવા જાપાનની સુઝુકી કંપની સાથે MOU






આત્મનિર્ભર ભારતની યાત્રામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હાથ વધુ મજબૂત કરવા, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ દોરવા અને બનાસકાંઠા જિલ્લાને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે સ્વાવલંબી બનાવવા માટે 'ગોબરધન' પ્રોજેક્ટ અંતર્ગત જિલ્લામાં છાણમાંથી બાયો સી.એન.જી અને પ્રાકૃતિક ખાતર ઉત્પાદન કરતા પ્લાન્ટ્સનું નિર્માણ કરવા માટે આજે સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાન અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ સાથે ટોક્યો, જાપાન ખાતે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરી પ્રગતિના પંથે એક મહત્ત્વનું પગલું ભર્યું.

આત્મનિર્ભર ભારતના સ્વપ્નદ્રષ્ટા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'ગોબરધન' પ્રોજેક્ટ થકી સ્વચ્છ ઊર્જા અને પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રે હરણફાળ ભરવા એશિયાની સૌથી મોટી ડેરી સંસ્થા બનાસ ડેરીએ ટોક્યો, જાપાન ખાતે સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાન અને એન.ડી.ડી.બી. સાથે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરીને એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી ટોક્યો, જાપાન ખાતે ભારતીય દૂતાવાસમાં ભારતના રાજદૂત શ્રી સી.બી. જ્યોર્જની હાજરીમાં સુઝુકી કૉર્પોરેશન, જાપાનના પ્રેસિડેન્ટ મી.ટી. સુઝુકીની હાજરીમાં કરાર કરવામાં આવ્યા હતા.

બનાસકાંઠાને ઊર્જા ક્ષેત્રે સ્વનિર્ભર તેમજ પ્રાકૃતિક જિલ્લો બનાવવા માટે આ શરૂઆત ખુબ જ મહત્ત્વની રહેશે. સુઝુકી મોટર કોર્પોરેશન, ભારત અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) સાથે મળીને બનાસ ડેરી પશુના છાણમાંથી બાયો ગેસ અને પ્રાકૃતિક ખાતર ઉત્પાદન કરતા પ્લાન્ટની સ્થાપના કરશે, જેમાં સુઝુકી મોટર કોર્પોરેશન તકનીકી અને નાણાકીય સહાય પૂરી પાડશે.

દેશમાં સૌપ્રથમ ગોબરમાંથી બાયો CNG ગેસ બનાવવાનો શ્રેય બનાસ ડેરીને જાય છે. ખેડૂતોની આવક વધારવા માટે બનાસ ડેરીએ ખેડૂતો પાસેથી ગોબર ખરીદી તે ગોબરમાંથી બાયો CNG બનાવવાની શરૂઆત કરી. બનાસ ડેરીએ શરૂ કરેલા બાયો CNG પ્લાન્ટનો લાભ સમગ્ર ગુજરાત રાજ્યમાં થાય તેવા ઉમદા હેતુથી અમૂલ બનાસ અને NDDBના સંયુક્ત ઉપક્રમે બાયો CNG ગેસ સ્ટેશનની સંખ્યા વધારવા તકનીકી તેમજ આર્થિક મદદ માટે જાપાનની સુઝુકી કંપની સાથે MOU કરવામાં આવ્યા છે.

GCMMFની AMUL બ્રાન્ડ હેઠળ ડેરી ઉદ્યોગમાં અગ્રણી નામ ધરાવતી બનાસ ડેરીએ સુઝુકી આરએન્ડડી સેન્ટર ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ (SRDI) જે સુઝુકી મોટર કોર્પોરેશનની સંપૂર્ણ માલિકીની પેટાકંપની છે. નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) સાથે ત્રિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કરીને આજે એક મહત્ત્વપૂર્ણ પગલું ભર્યું છે. સુઝુકી મોટર કોર્પોરેશન, નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ (NDDB) સાથે મળીને બનાસ ડેરી પશુ છાણ આધારિત બાયો CNG પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે, જેમાં સુઝુકી મોટર કોર્પોરેશન તકનીકી તથા આર્થિક સહાય સાથે મદદરૂપ થશે.

જાપાનમાં ભારતના રાજદૂત શ્રી સી.બી. જ્યોર્જની હાજરીમાં આજે જાપાનના ટોક્યો ખાતેના ભારતીય દૂતાવાસમાં શ્રી ટી સુઝુકી (પ્રમુખ, સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાન), શ્રી શંકરભાઈ ચૌધરી (અધ્યક્ષશ્રી, ગુજરાત વિધાનસભા તથા ચેરમેન-બનાસ ડેરી), શ્રી મીનેશ શાહ(ચેરમેન - એનડીડીબી), શ્રી જયેન મહેતા (મેનેજિંગ ડિરેક્ટર, જી. સી. એમ. એમ. એફ. -અમૂલ) અને શ્રી સંગ્રામ ચૌધરી (મેનેજિંગ ડિરેક્ટર-બનાસ ડેરી) દ્વારા આ અંગેના એગ્રીમેન્ટ ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા. અગાઉ બનાસ ડેરીએ ડિસેમ્બર-૨૦૨૨માં સુઝુકી અને NDDB સાથે એમઓયુ પર હસ્તાક્ષર કરીને આ અંગેની વાટાઘાટો શરૂ કરી હતી. આ પ્રોજેક્ટનો ઉદ્દેશ ભારતને સ્વચ્છ બનાવવા અને ખેડૂતોને તેમના પશુપાલન વ્યવસાયની આડપેદાશોમાંથી વધારાની આવક મેળવવામાં મદદરૂપ થવાનો છે. પશુઓના છાણમાંથી મેળવાયેલી બાયો CNGની આ ક્લીન એનર્જીમાંથી ગ્રીન હાઈડ્રોજન તેમજ લિક્વિડ બાયો-મિથેન (LBM)નું ઉત્પાદન કરી ગ્રીન એનર્જીના સ્રોત તરીકે વધુ ઉપયોગ કરી શકાશે.

આજે કરાયેલા કરારો મુજબ ગુજરાતના બનાસકાંઠા જિલ્લામાં ૨૦૨૫ સુધીમાં પ્રારંભિક તબક્કામાં ૪ બાયોગેસ પ્લાન્ટની સ્થાપના કરવામાં આવશે. તમામ પક્ષની પરસ્પર સમજૂતી મુજબ આ પ્લાન્ટની સંખ્યામાં વધારો પણ કરવામાં આવશે. આ પ્લાન્ટ પ્રદૂષણ ઘટાડવામાં અને પર્યાવરણને જાળવવામાં નિર્ણાયક ભૂમિકા ભજવશે. અંદાજિત ૨૩૦ કરોડના કુલ રોકાણ સાથે ગ્રીન અને ક્લીન એનર્જી ઉત્પન્ન કરશે. CNG વાહનો માટે બળતણનું વિતરણ કરવા માટે દરેક પ્લાન્ટની સાથે બાયોગેસ ફિલિંગ સ્ટેશનો સ્થાપવામાં આવશે. તદ્ઉપરાંત જૈવિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે જૈવિક ખાતર (ગોબરધન)નું ઉત્પાદન પણ આ બાયોગેસ પ્લાન્ટ થકી કરવામાં આવશે.

### બનાસ ડેરીએ સુઝુકી અને NDDBના સહયોગથી હરિયાળું ભારત અને ખેડૂતોની સમૃદ્ધિ વધારવા માટેની પહેલ કરી છે : શંકરભાઈ ચૌધરી

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ઉત્સાહ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, 'આ પ્રોજેક્ટ થકી આત્મનિર્ભર ભારતના સ્વપ્નદ્રષ્ટા માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત 'ગોબરધન પ્રોજેક્ટ' થકી સ્વચ્છ ઊર્જા અને પ્રાકૃતિક ખેતીના ક્ષેત્રે હરણફાળ ભરવા બનાસ ડેરી જઈ રહી છે. નેટ કાર્બન ન્યૂટ્રાલિટી તથા સર્ક્યુલર ઈકોનોમીને હાંસલ કરવા માટે એક પારોઠનું પગલું છે. હરિયાળું ભારત અને ખેડૂતોની આવક વધારવાના પ્રયાસોને વેગ મળશે. આ પ્રોજેક્ટ્સ થકી બનાસકાંઠા જિલ્લાને ઓર્ગેનિક જિલ્લો તથા ઊર્જા સ્વનિર્ભર જિલ્લો બનાવવાના તરફનું એક પ્રયાણ છે. ખેડૂતોના હિત માટે અમને આજે આ મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટમાં હિસ્સેદાર થવાનો આનંદ છે.

**આત્મનિર્ભર ભારતની યાત્રામાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબના હાથ વધુ મજબૂત કરવા, ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ દોરવા અને બનાસકાંઠા જિલ્લાને પુનઃપ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે સ્વાવલંબી બનાવવા માટે 'ગોબરધન' પ્રોજેક્ટ અંતર્ગત સુઝુકી મોટર કોર્પોરેશન, જાપાન સાથે કરાયેલ આ કરાર સમગ્ર દેશ અને ગુજરાત માટે મહત્ત્વપૂર્ણ બની રહેશે.**

**શ્રી શંકરભાઈ ચૌધરી (ચેરમેન, બનાસ ડેરી)**






# બનાસ ડેરી દ્વારા ગ્રામીણ વિકાસ માટે થતાં કાર્યોને નાબાર્ડના ચેરમેનશ્રીએ બિરદાવ્યાં

## નાબાર્ડની ટીમે બનાસ ડેરીની મુલાકાત કરી બનાસકાંઠા જિલ્લાના ગ્રામીણ વિકાસ માટે દાખવ્યો રસ




કૃષિ અને ગ્રામીણ વિકાસ માટે સતત સક્રિય રહેતી નાબાર્ડ સંસ્થાના ચેરમેનશ્રી કે.વી. સાજીએ પાલનપુર સ્થિત બનાસ ડેરીની મુલાકાત લીધી હતી. તેઓને સંઘ પર બનેલી ડોક્યુમેન્ટરી ફિલ્મ બતાવીને ગ્રામીણ વિકાસ માટે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં થતાં કાર્યોથી માહિતગાર કરવામાં આવ્યા હતા. બનાસ ડેરી દ્વારા બનાસકાંઠા જિલ્લાના ગ્રામીણ વિસ્તારના વિકાસ માટે અનેક પ્રકારનાં અભિયાન, વિકાસકાર્યો અને પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવે છે, જેના થકીના માત્ર જિલ્લો વિકસિત થતો, પરંતુ પશુપાલકો, ખેડૂતો અને વિસ્તાર પર સમૃદ્ધ તથા પ્રગતિ કરી રહ્યો છે તેવું નાબાર્ડના ચેરમેનશ્રીએ જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લાના સર્વાંગી વિકાસ માટે બનાસ ડેરી દ્વારા છેલ્લાં ૭-૮ વર્ષમાં અનેક પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવ્યા છે, જે લોકભાગીદારી સાથે સફળતાપૂર્વક ચાલી રહ્યા છે અને સકારાત્મક પરિણામ પણ મળી રહ્યાં છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વિઝન અંતર્ગત બનાસકાંઠા જિલ્લાને દેશમાં મોડલ જિલ્લો બનાવવાના પ્રયાસરૂપે ડેરીના માધ્યમ થકી પર્યાવરણલક્ષી યોજનાઓ જેવી કે ટ્રી પ્લાન્ટેશન, સીડ બોલ પ્લાન્ટેશન, બનાસ મેડિકલ કોલેજ, અમૃત સરોવરનું નિર્માણ, ગોબરધન જેવા અનેક પ્રોજેક્ટ હેઠળ ધરવામાં આવ્યા છે તેમજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના વિઝનને પરિપૂર્ણ કરવા ૨૦૪૭ સુધીમાં કાર્બન ન્યૂટ્રલ, બનાસ Entrepreneurship પ્રોગ્રામ, નવીન ડેરી પ્લાન્ટ વારાણસી જેવાં આયોજનો પર કાર્ય કરવામાં આવી રહ્યું છે તે સંદર્ભે નાબાર્ડના અધિકારીઓ સાથે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રોજેક્ટોમાં કેપિટલ ઇન્વેસ્ટમેન્ટ માટે નાબાર્ડ સીધું ઓછા દરે ધિરાણ કરવાની મેનેજિંગ ડિરેક્ટરશ્રીની રજૂઆતમાં નાબાર્ડના ચેરમેનશ્રીએ રસ દાખવ્યો હતો. આ ઉપરાંત ચાલુ લોનના સ્વિપ કરવા માટેની ચર્ચા કરવામાં આવી. નાબાર્ડના ચેરમેન શ્રી કે.વી. સાજી, શ્રી બી.કે સિંઘલ (સીજીએમ, અમદાવાદ ઝોન), શ્રી સોમેન્દ્રસિંઘ (જી.એમ), શ્રી મહેશ પહાડ સિંઘ (ડી.જી.એમ.), શ્રીમતી નિધિ શર્મા (ડી.જી.એન.) અને શ્રીમતી શર્મિલા સેરલા (એ.જી.એમ.) એ બનાસ ડેરીની મુલાકાત કરી હતી.



# લોકભાગીદારીની મિસાલ બનાસ ડેરી

## જનભાગીદારીથી અશક્ય બન્યું શક્ય



આજે બનાસ ડેરીએ સહકારી ક્ષેત્રમાં એક સફળતાની કહાણી લખી છે, જેની પાછળ જનભાગીદારીનું બહુ મોટું યોગદાન છે. ઉદ્દેશ્ય સિદ્ધ કરવા માટે જનભાગીદારી અને સામુદાયિક સક્રિયતાનું વિશેષ મહત્ત્વ છે. કોઈ પણ કાર્યને સરળ અને અસરકારક રીતે ચલાવવા માટે લોકભાગીદારી પણ જરૂરી છે. આથી જ બનાસ ડેરીના દરેક પ્રગતિના કામમાં પ્રજા પ્રથમ છે. બનાસકાંઠા જિલ્લાની જનતાની લોકભાગીદારીથી શરૂ કરાયેલા અને સફળતાપૂર્વક ચાલી રહેલા અનેક કામો આપણી સામે છે. આજે લોકભાગીદારીથી બનાસ ડેરી એક છોડમાંથી વિશાળ વટવૃક્ષમાં પરિવર્તિત થઈ છે. જનભાગીદારીથી બનાસ ડેરીએ ઘણા ઉદ્દેશો, સફળતાઓ હાંસલ કરી છે અને લોકો સાથે પ્રગતિના પંથે ચાલી રહી છે. બનાસ ડેરી એ વિશ્વની એકમાત્ર એવી સહકારી સંસ્થા છે, જે લોકભાગીદારી સાથે કામ કરીને દૂધ ઉત્પાદકોના બેંક ખાતામાં દરરોજ રૂ. ૩૫ કરોડથી વધુ જમા કરાવે છે અને જમા થયેલ દૂધની વિગતો અને પ્રાપ્ત રકમ તરત જ એસએમએસ દ્વારા મોકલે છે. આ વર્ષે દૈનિક દૂધની ચુકવણી સિવાય બનાસ ડેરીએ દૂધ ઉત્પાદકોને વળતર તરીકે રૂ. ૧૯૫૩ કરોડનું વિતરણ પણ કર્યું છે.



**પર્યાવરણ:** બનાસકાંઠા સૂકો પ્રદેશ છે, પરંતુ તેને હરિયાળો બનાવવાની જવાબદારી બનાસવાસીઓએ લીધી છે. બનાસ ડેરીએ છેલ્લાં પાંચ વર્ષમાં લોકભાગીદારીથી વૃક્ષારોપણ અભિયાન શરૂ કર્યું છે અને દસ વર્ષમાં દસ કરોડ રોપા વાવવાનો સંકલ્પ પણ લીધો છે. આ લક્ષ્યાંકને હાંસલ કરવા માટે લોકભાગીદારીથી ૪.૫ કરોડથી વધુ રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું છે અને ગાયના છાણ અને માટીમાંથી બનેલા ૫ કરોડથી વધુ સીડ બોલ ડ્રોન દ્વારા પહાડોમાં વાવવામાં આવ્યા છે, જેના પરિણામે અહીંના પર્વતો અને જંગલનો વ્યાપ વધ્યો છે.



**તળાવનું નિર્માણ:** બનાસ સંકુલ, સણાદર (દિયોદર)ના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસની જનતાને 'આઝાદીના અમૃત મહોત્સવ' અંતર્ગત નર્મદાનાં પાણીને ઈશ્વરનો પ્રસાદ અને પારસ માનીને બનાસકાંઠા જિલ્લાના દરેક ગામમાં તળાવોનું નિર્માણ કરવાનું આહ્વાન કર્યું હતું. ધરતીને અમૃતમય બનાવવાના આહ્વાનને પૂર્ણ કરવા બનાસ ડેરીએ લોકભાગીદારીથી દરેક ગામમાં તળાવો બનાવ્યાં છે. બનાસ જળશક્તિ અભિયાન અંતર્ગત સમગ્ર જિલ્લામાં અત્યાર સુધીમાં ખેડૂતોની લોકભાગીદારી અને કરોડો રૂપિયાના યોગદાનથી ૨૩૪ તળાવો તૈયાર કરવામાં આવ્યાં છે, જેના પરિણામે કૂવાઓ અને બોરમાં પાણીનું સ્તર પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે વધ્યું છે, જેનો સીધો લાભ પશુપાલન અને ખેતીમાં મળશે.

**જમીન બચાવો:** બનાસવાસીઓએ બનાસકાંઠા જિલ્લાને પ્રાકૃતિક જિલ્લો બનાવીને પ્રાકૃતિક ખેતી અપનાવવાનો સંકલ્પ કર્યો છે. આ અંતર્ગત જમીનની ફળદ્રુપતા જાળવી રાખવા અને રાસાયણિક ખાતરનો ઉપયોગ બંધ કરવાના હેતુથી જિલ્લામાં 'સેવ સોઈલ' અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. આજે બનાસ ડેરીની ટીમ ૪૦ ગામોમાં જમીનની ફળદ્રુપતા અને કાર્બનનું પ્રમાણ વધારવા માટે કામ કરી રહી છે. આ માધ્યમ દ્વારા આગામી સમયમાં અહીં કુદરતી ખેતીને પ્રોત્સાહન આપવામાં આવશે.






**દૂધ ઉત્પાદકોની પોતાની મેડિકલ કોલેજ:** માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના માર્ગદર્શન હેઠળ અને દૂધ ઉત્પાદકોની ભાગીદારી હેઠળ, બનાસ મેડિકલ કોલેજની સ્થાપનાની ઘોષણા ડિસેમ્બર-૨૦૧૬માં કરવામાં આવી હતી, જેના માટે બનાસ ડેરી સાથે સંકળાયેલા ૫ લાખથી વધુ ખેડૂતોએ દૂધની કમાણીમાં પ્રતિલિટર પાંચ પૈસાનું યોગદાન આપીને તેમણે રૂ. ૧૦૦ કરોડથી વધુ એકત્ર કર્યા અને દેશની પ્રથમ ખેડૂત માલિકીની મેડિકલ કોલેજ અને હોસ્પિટલની સ્થાપના કરી. આજે ઘણા ખેડૂતોનાં બાળકો અહીં અભ્યાસ કરી તેમના પરિવારનાં સપના સાકાર કરી રહ્યાં છે. અહીં દૂધ ઉત્પાદકોનાં બાળકો માટે ફીમાં ૫૦ ટકા રાહત આપવામાં આવે છે. આજ સુધીમાં ૯૫૦ વિદ્યાર્થીઓએ અહીં તબીબી શિક્ષણ મેળવ્યું છે, જેમાંથી ૨૫૨ વિદ્યાર્થીઓ બનાસકાંઠા જિલ્લાના રહેવાસી છે અને ૧૫૪ વિદ્યાર્થીઓ દૂધ ઉત્પાદકોનાં બાળકો છે. બનાસ ડેરી સંચાલિત સિવિલ હોસ્પિટલ ૮૦૦ પથારીની સુવિધાથી સજ્જ છે અને આધુનિક ટેક્નોલોજી દ્વારા જિલ્લાના ખેડૂતોને તમામ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાં આવે છે. કોરોનાના સમયગાળા દરમિયાન વડાપ્રધાનના આહ્વાન પર બનાસકાંઠાના દૂધ ઉત્પાદકોએ માત્ર ૭૨ કલાકમાં PM CARE ફંડમાં ૭.૧૩ કરોડ રૂપિયાની રકમ જમા કરાવીને દેશની આરોગ્ય સંભાળમાં યોગદાન આપ્યું છે.



**બનાસ સૈનિક શાળા:** બનાસ ડેરીએ આ વર્ષે સહકારી રીતે સંચાલિત બનાસ સૈનિક શાળાની સ્થાપના કરી છે. દેશભરમાં ૧૦૦ નવી સૈનિક સ્કૂલ ખોલવાની માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની યોજના હેઠળ બનાસ ડેરીએ પણ નવી સૈનિક શાળાની શરૂઆત કરી છે. બનાસ સૈનિક સ્કૂલ દેશના વિવિધ વિસ્તારો અને બનાસકાંઠા જિલ્લાનાં બાળકોને ઉત્તમ શિક્ષણ અને સર્વાંગી વિકાસ આપીને રાષ્ટ્રના સુરક્ષા દળ અને અન્ય રોજગાર માટે તૈયાર કરશે.



**મધ (મીઠી ક્રાંતિ):** ૨૦૧૬માં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ બનાસકાંઠાની મુલાકાત લીધી હતી અને મહેનતુ ખેડૂતોને શ્વેતક્રાંતિ સાથે મધ ઉત્પાદન દ્વારા 'સ્વીટ રિવોલ્યુશન'ના વાહક બનવા આહ્વાન કર્યું હતું. આ આહ્વાનને પડકાર તરીકે સ્વીકારીને, ખેડૂતોની આવક બમણી કરવાના ઉદ્દેશ્ય સાથે બનાસ ડેરીએ મધ પ્રોજેક્ટ શરૂ કર્યો, જે અંતર્ગત મોટી સંખ્યામાં ખેડૂતોને મધની ખેતી માટે તાલીમ આપવામાં આવી અને મધની ખેતી માટે નાણાકીય અને જરૂરી સહાય પૂરી પાડવામાં આવી.

બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોએ બનાસ ડેરીમાં જોડાઈને ૬ પ્રકારના વનસ્પતિ આધારિત મધનું ઉત્પાદન કરીને સ્વીટ રિવોલ્યુશનમાં અનોખી સફળતા મેળવી છે, જેમાં જિલ્લામાં કુલ ૩૩૬.૭ મેટ્રિક ટન મધનું ઉત્પાદન થયું હતું અને ખેડૂતોને રૂ.૫.૦૫ કરોડની ચુકવણી કરવામાં આવી હતી. મધના ઉત્પાદનની સાથે ક્રોસ પોલિનેશનથી ખેતીની ઉપજમાં વધારો થયો છે, જે વધારાનો નફો છે. મધ ઉત્પાદન સહભાગિતાએ ખેડૂતને આવકનો વધારાનો સ્રોત પૂરો પાડ્યો છે, જેના કારણે જિલ્લાભરના નાના ખેડૂતોને વધુ લાભ મળી રહ્યો છે. આજે બનાસ ડેરીના ખેડૂતો ખેતરમાંથી પાક લઈને, પશુપાલન દ્વારા દૂધનું ઉત્પાદન કરીને અને બનાસ મધ પ્રોજેક્ટમાં જોડાઈને આત્મનિર્ભર બની રહ્યા છે. આજે કેન્દ્ર સરકારના આર્થિક સહયોગથી બનાસ ડેરીએ સરહદી જિલ્લામાં મધના પરીક્ષણ માટે આધુનિક લેબોરેટરીની સ્થાપના કરી છે.



**પશુપાલન માટે આધુનિક ટેક્નોલોજી:** બનાસકાંઠા જિલ્લાના દૂધ ઉત્પાદકોના પશુધનની આરોગ્યસંભાળ માટે બનાસ ડેરીએ ૧૦૮ જેવી બનાસ પશુ સારવાર મોબાઈલ વાનની વ્યવસ્થા પૂરી પાડી છે, જે ૨૪ કલાક સેવામાં રહે છે. સીમેન સ્ટેશનની શરૂઆત ૭ જુલાઈ, ૨૦૦૭ના રોજ કરવામાં

આવી હતી, જેમાં ભેંસ વર્ગમાં મહેસાણી, ગૌ વર્ગમાં કાંકરેજ અને HF ક્રોસ કાંકરેજ જાતિના બળદ ઉપલબ્ધ છે. વેટરદીઠ મહત્તમ દૂધ ક્ષમતા વિશે વાત કરીએ તો તે કાંકરેજમાં ૫,૬૫૫ લિટર, મહેસાણીમાં ૬૯૭૫ લિટર અને HF ક્રોસ કાંકરેજમાં ૮૯૧૪ લિટર છે. દર વર્ષે સીમેન સ્ટેશનમાં ૧૮ થી ૨૦ લાખ ડોઝ તૈયાર કરવામાં આવે છે અને આ વર્ષે ૨૫ લાખ ડોઝ તૈયારની ગણતરી છે. બનાસ ડેરી પાસે કુલ ૨૧૬ બળદ છે, જેમાંથી ૭૭નો ઉપયોગ સિમેન્સ સંગ્રહ માટે થાય છે.

બનાસ ડેરીએ એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો ઉપયોગ કરીને પ્રતિદિવસ ૨૦થી ૨૬ લિટર દૂધ આપતી ઉચ્ચ વંશની ૭ રોગમુક્ત કાંકરેજ ગાયોને દાતા તરીકે પસંદ કરી NDDB આણંદની લેબોરેટરીમાં મોકલી છે. કાંકરેજ ગાયના વાછરડાનો જન્મ એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી દ્વારા થયો છે. જે બનાસકાંઠાના વારસા સમાન કાંકરેજ ગાયની જાતિને સુધારવામાં મોટી સફળતા છે. બનાસ ડેરી દ્વારા ૬૧૫ દૂધ ઉત્પાદક સહકારી જૂથો પર દૂધ ઉત્પાદકતા વૃદ્ધિ યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના હેઠળ, વર્ષ ૨૦૨૨-૨૩માં કુલ ૨,૬૨,૦૫૦ રેસિમિનેટેડ પ્રાણીઓમાંથી ૯૯,૩૯૪ પ્રાણીઓએ તેમનાં બચ્ચાને જન્મ આપ્યો છે.






**ગોબરધન યોજના:** માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજી દેશના ખેડૂતો, પશુપાલકો અને ગામડાંઓના વિકાસ માટે હંમેશાં પ્રતિબદ્ધ રહ્યા છે. વડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ સ્વચ્છ ભારત, વેસ્ટ રિસાઈક્લિંગ, પર્યાવરણની સુરક્ષા અને દેશના કાર્બન ફૂટ પ્રિન્ટને ઘટાડવા માટે ગોબરધન નામની યોજના શરૂ કરવામાં આવી હતી, જે ખેડૂતોની આવક અને ગ્રીન એનર્જી વધારવાનો પર્યાય બની ગઈ છે.

ગોબરધન પ્રોજેક્ટ હેઠળ બનાસ ડેરીએ બનાસકાંઠાના ડીસા તાલુકાના દામા ગામમાં પશુઓનાં છાણમાંથી બાયો-સીએનજી પ્લાન્ટ સ્થાપ્યો છે. આ બાયો CNG પ્લાન્ટમાંથી મિથેન આધારિત મોટર વાહન ઈંધણ અને કુદરતી ખાતરનું ઉત્પાદન શરૂ કરવામાં આવ્યું છે, જે અંતર્ગત બનાસ ડેરી પશુપાલકો પાસેથી ગાયનું છાણ ખરીદે છે અને પેમેન્ટ કરે છે, જેનાથી ખેડૂતોની આવક તો વધી જ છે, પરંતુ જમીનની ફળદ્રુપતા પણ વધી છે, જેના કારણે રાસાયણિક ખાતરોનો ઉપયોગ પણ ઓછો થયો અને કુદરતી કૃષિ ઉત્પાદનને પણ પ્રોત્સાહન મળ્યું. અત્યાર સુધીમાં આ પાઈલટ બાયો-સીએનજી પ્લાન્ટમાં ૩.૧૦ કરોડ કિલો ગોબરની ખરીદી કરવામાં આવી છે અને ખેડૂતોને ૩ કરોડ રૂપિયાની ચુકવણી કરવામાં આવી છે. આ બાયો CNG પ્લાન્ટમાં દરરોજ ૧૧૦ મોટર વાહનોને બળતણ સપ્લાય કરીને અત્યાર સુધીમાં બાયો ગેસમાંથી રૂ. ૨,૬૦,૦૦,૦૦૦ રૂપિયાની આવક થઈ છે. આ ઉપરાંત કુદરતી ખાતરના વેચાણમાંથી રૂ.૬,૨૫,૦૦,૦૦૦ની આવક થઈ છે.

આ બાયોગેસ પ્લાન્ટની સફળતા બાદ હવે બનાસ ડેરી જાપાનની સુઝુકી મોટર કોર્પોરેશન સાથે મળીને ચાર



વધારાના પ્લાન્ટ સ્થાપવા જઈ રહી છે, જે વડાપ્રધાનના 'વેસ્ટ ટુ વેલ્થ'ના આહ્વાન અને 'સહારથી સમૃદ્ધિ'ના ઠરાવને પૂર્ણ કરશે. આ દિશામાં આ એક મોટી પહેલ છે. 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ ક્લસ્ટર આધારિત ગોબરધન યોજનાની મહત્ત્વાકાંક્ષી પહેલ તરીકે આ પાઈલોટ બાયો સીએનજી પ્લાન્ટ ઉપરાંત, બનાસકાંઠા જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી અને બનાસ ડેરીએ દેશમાં ક્લસ્ટર આધારિત ગોબરધન યોજના પ્લાન્ટ સ્થાપવાનું નક્કી કર્યું છે. બનાસ ડેરીએ રાજ્ય સરકારના સહયોગથી બનાસકાંઠા જિલ્લાના દિયોદર તાલુકાના એક નવાગામને ગોબરધન પ્રોજેક્ટ હેઠળ સંપૂર્ણ બાયોગેસ પ્લાન્ટથી સજ્જ કરવાની સફળ યોજના સ્થાપી છે, જે ગામ વિસ્તારને સ્વચ્છ, પ્રદૂષણમુક્ત અને સ્વચ્છ ઊર્જાથી સમૃદ્ધ બનાવવામાં ઘણી મદદ કરે છે. ગોબર્ધન યોજનાનો મૂળ ઉદ્દેશ્ય ગામડાંઓને સ્વચ્છ રાખવા, પશુઓનાં છાણ અને ઘન ખેતકચરાને ખાતર અને બાયોગેસમાં રૂપાંતરિત કરવાનો અને તેમાંથી સંપત્તિ અને ઊર્જા ઉત્પન્ન કરવાનો છે.





**બટાકા પ્રોજેક્ટ:** બનાસકાંઠા જિલ્લામાં બટાકાનું ઉત્પાદન સારા પ્રમાણમાં થાય છે, પરંતુ દર વર્ષે બટાકાના ભાવમાં થતી વધઘટના કારણે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતોને ભારે નુકસાન વેઠવું પડતું હતું. બટાકાની ખેતીમાં ખેડૂતોને નુકસાન ન વેઠવું પડે અને તેમની આવક વધે તે હેતુથી બનાસ ડેરીએ વર્ષ ૨૦૧૭-૧૮માં બટાટા પ્રોજેક્ટની શરૂઆત કરી હતી.

બનાસ ડેરી ખેડૂતો સાથે કોન્ટ્રાક્ટ ફાર્મિંગ દ્વારા બટાકાની ખરીદી કરે છે અને અમૂલ બ્રાન્ડ હેઠળ અમૂલ ફ્રેન્ચ ફ્રાઈસ, આલુ ટિક્કી, આલુ વેજ, હેશ બ્રાઉન, વેજી સ્ટેક, બર્ગર પેટીસ જેવી વિવિધ બટાકાની વાનગીઓનું માર્કેટિંગ કરવા માટેની પ્રક્રિયા કરે છે. આ વર્ષે બનાસકાંઠા જિલ્લાના ખેડૂતો દ્વારા ઉત્પાદિત બટાકામાંથી તૈયાર કરાયેલ રૂ. ૫.૯૮ કરોડની વિવિધ બટાકાની પેદાશોની વિદેશી બજારમાં નિકાસ કરવામાં આવી છે અને ભારતીય બજારમાં રૂ. ૧૩૬ કરોડનું વેચાણ થયું છે. આગામી બટાકાની સિઝનમાં બનાસ ડેરી પોટેટો પ્રોજેક્ટમાં જિલ્લાના ખેડૂતોની સંખ્યા વધે અને વૈજ્ઞાનિક પદ્ધતિથી પ્રોસેસ્ડ બટાકાનું ઉત્પાદન થાય તે હેતુથી જિલ્લાના ખેડૂતોને કૃષિ તજજ્ઞો દ્વારા પ્રશિક્ષિત અને પ્રોત્સાહિત કરાય છે.




**ઉમંગ મોલ:** પશુપાલકોનાં જીવનને સુવિધાઓથી ભરપૂર, આર્થિક રીતે સમૃદ્ધ અને આત્મનિર્ભર બનાવવાના ઉદ્દેશ્ય સાથે બનાસ ડેરી ગ્રામજનોને ઉમંગ મોલ હેઠળ ઉચ્ચ ગુણવત્તાવાળી વસ્તુઓ અને ઓછી કિંમતે ખરીદવાનો વિકલ્પ આપીને તેમના ઘરની નજીક આવશ્યક ચીજવસ્તુઓ પૂરી પાડી રહી છે. ઉમંગ મોલ દ્વારા ખેડૂતોને બનાસકાંઠામાં ઉત્પાદિત અને તૈયાર થયેલ વસ્તુઓમાં મૂલ્ય ઉમેરીને

વધારાની આવક અને વ્યવસાયનો સ્રોત પૂરો પાડવામાં આવ્યો છે. બનાસકાંઠા જિલ્લાનાં વિવિધ ગામોમાં અત્યાર સુધીમાં કુલ ૨૪ ઉમંગ મોલ કાર્યરત છે અને આગામી સમયમાં ૧૫૦થી વધુ મોલ કાર્યરત થશે.

**ટ્રક ઓન ટ્રેનઃ** બનાસ ડેરી એશિયાની સૌથી મોટી ડેરી છે, જે દરરોજ સરેરાશ ૭૫ લાખ લિટર દૂધનું પ્રોસેસિંગ કરે છે અને વિવિધ રાજ્યમાં કાર્યરત છે, પરંતુ અત્યાર સુધી બહારનાં રાજ્યોમાં ટ્રેન દ્વારા દૂધ મોકલવામાં આવી રહ્યું હતું, જેમાં લોડિંગ અને અનલોડિંગમાં ઘણો સમય લાગવાથી અને દૂધના જથ્થામાં ઘટાડો થવાના કારણે ઘણા પડકારોનો સામનો કરવો પડી રહ્યો હતો. આ સમસ્યાને દૂર કરવા દૂર-દૂરનાં રાજ્યમાં દૂધની ઝડપી ડિલિવરી માટે પાલનપુરથી નવી રેવાડી સુધી ૭.૫૦ લાખ લિટર દૂધ એટલે કે ૨૫ ટેન્કર 'ટ્રક-ઓન ટ્રેક'ના માધ્યમથી મોકલીને આ સેવા શરૂ કરવામાં આવી છે, જેના દ્વારા જે દૂધ ૩૦ કલાકમાં પહોંચવાનું હતું તે માત્ર ૧૨-૧૩ કલાકમાં પહોંચી રહ્યું છે. આ સુવિધાથી પર્યાવરણમાં બળતણનું પ્રદૂષણ અટકાવવામાં આવ્યું છે, વાહનના ઈંધણના ખર્ચમાં બચત થઈ છે અને સમયસર ગુણવત્તાયુક્ત દૂધ દૂરનાં રાજ્યમાં પહોંચાડવામાં આવી રહ્યું છે.








**બનાસ રેડિયો ૯૦.૦૪ FM:** બનાસ સંકુલ, દિયોદરમાં બનાસ કોમ્યુનિટી રેડિયો સ્ટેશન (FM ૯૦.૦૪) નું ઉદ્‌ઘાટન દેશના લોકપ્રિય અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. રેડિયો સ્ટેશનના નિર્માણથી બનાસકાંઠા જિલ્લાના પશુપાલકો અને ખેડૂતોને મનોરંજનની સાથે-સાથે પશુપાલન અને ખેતીની વૈજ્ઞાનિક-તકનીકી માહિતી તેમજ લોકશિક્ષણ પણ મળી રહ્યું છે, જેની મદદથી તેઓ પોતાનો વ્યવસાય વધારવામાં સફળ થઈ રહ્યા છે. આ રેડિયો સ્ટેશન દ્વારા જિલ્લાનાં ૧૭૦૦ ગામોના લાખો ખેડૂત પરિવારો જોડાયેલા છે અને વિશ્વભરના શ્રોતાઓ એક જ એપ્લિકેશન દ્વારા રેડિયો સાંભળવા અને ડેરી સાથે જોડાઈ શકે છે.



# બનાસ ડેરીને મળી વધુ એક સફળતાઃ એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી થકી એક વાછરડી અને વાછરડાનો થયો જન્મ

### ધાનેરા તાલુકાના સામરવાડા ગામમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજી થકી થયો કાંકરેજ વાછરડી અને વાછરડાનો જન્મ





બનાસકાંઠાની ધરોહર સમાન કાંકરેજ ગૌવંશ સુધારણા માટે ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના નેતૃત્વમાં બનાસ ડેરી દ્વારા ભારતમાં સૌપ્રથમ વાર એન.ડી.ડી.બી.ના સહયોગથી એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો શુભારંભ કરવામાં આવ્યો હતો, ત્યારે હવે આ ટેક્નોલોજીમાં બનાસ ડેરી ને દિવસે ને દિવસે સફળતાઓ પ્રાપ્ત થઇ રહી છે ત્યારે હવે વધુ એક સફળતા મળી છે. તારીખ ૬ ડિસેમ્બર, ૨૦૨૨ના રોજ ધાનેરા તાલુકાના સામરવાડા ગામમાં બનાસ ડેરીની એમ્બ્રિયો ટ્રાન્સફર ટીમ અને એન.ડી.ડી.બી., આણંદના ટેક્નિકલ સહયોગથી કાંકરેજ ગર્ભ પ્રત્યારોપણની કામગીરી કરવામાં આવેલ હતી અને તેના ફળસ્વરૂપ સામરવાડા ગામના ખેડૂત વાઘાભાઈ વિરમાભાઈ પટેલની બે એચ.એફ ગાયોમાં ગર્ભ પ્રત્યારોપણ કરવામાં આવેલ હતું. હવે તેનું વિયાણ થયેલ છે, તેમાં એક ગાયમાં કાંકરેજ વાછરડાનો અને એક ગાયમાં કાંકરેજ વાછરડીનો જન્મ થયેલ છે.

એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીમાં સફળતા મળવી એ બનાસ ડેરી સાથે લાખો પશુપાલકો માટે ખુશીના સમાચાર છે. બનાસ ડેરી વૈજ્ઞાનિક ઢબે ખેતીના વ્યવસાયને તો વિકસાવે છે, પરંતુ સાથે પશુપાલન વ્યવસાયમાં પણ વૈજ્ઞાનિક પદ્ધતિને અપનાવીને આ વ્યવસાયને વિકસાવવામાં આવી રહ્યો છે તે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. કાંકરેજ ગાયની ઉત્કૃષ્ટ ઓલાદોમાં વધારો થાય અને પશુપાલકો વધુ દૂધ ઉત્પાદન કરી આર્થિક રીતે વધુ મજબૂત બને તે હેતુ સાથે બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ ૨૨-૦૭-૨૦૨૧ના રોજ રૈયા ખાતેથી એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો શુભારંભ કરાવ્યો હતો. આ જન્મેલ વાછરડી જ્યારે પણ દૂધ આપતી થશે ત્યારે તે ૨૫ લિટર કરતાં વધુ દૂધ આપતી કાંકરેજ ગાય બનશે તેમજ નવું જન્મેલ વાછરડું જ્યારે મોટું થશે ત્યારે તેના બીજદાનના ડોઝ ૨૫ લિટર ઉપર વાળી ગાયમાં મૂકવામાં આવશે ત્યારે તેની વાછરડીઓ ૨૫ લિટર કરતાં વધુ દૂધ આપતી પેદા થશે.

પશુપાલન વ્યવસાયમાં ઝડપી પ્રગતિ અને દૂધ ઉત્પાદનમાં વધારો કરવાના ઉમદા હેતુ સાથે ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીના માર્ગદર્શન હેઠળ બનાસ ડેરીએ એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો અમલ શરૂ કર્યો છે. આજે બનાસ ડેરીએ પોતાના નવા નવા સહકારી વ્યવસાયોમાં વૈજ્ઞાનિક અભિગમ અપનાવીને આગળ વધી રહી છે, જેનો ફાયદો પશુપાલકો, ખેડૂતો અને જિલ્લાને મળી રહ્યો છે. ભારત દેશમાં એમ્બ્રિયો ટ્રાન્સફર ટેક્નોલોજીનો ઉપયોગ કોઈ પણ સંસ્થા અથવા તો કોમર્શિયલ ફાર્મમાં કરવામાં આવ્યો હોય તેવું તો જોવા મળેલ છે, પરંતુ કાંકરેજ એમ્બ્રિયો ટ્રાન્સફર અને તે પણ ખેડૂતના ફાર્મ ઉપર કરવામાં આવેલ હોય અને તેના દ્વારા બચ્ચાનો જન્મ થયો હોય એ ભારત દેશની પ્રથમ ઘટના બનાસ ડેરીમાં બની છે, જે ના માત્ર ખેડૂતો કે પશુપાલકો માટે, પરંતુ દેશ અને પશુપાલન ક્ષેત્રે ગર્વની વાત છે.



# ચેરમેન શ્રી શંકરભાઈના શુભ હસ્તે નવી દિલ્હી ખાતે શરૂ કરાયું અમૂલ બૂથ




નવી દિલ્હીના બ્લોક N અને B વિસ્તારમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના વરદ્ હસ્તે બનાસ ડેરી દ્વારા તૈયાર કરાયેલ અમૂલ બૂથનું લોકાર્પણ કરવામાં આવ્યું. આ અમુલ બૂથમાં બનાસ ડેરીમાં તૈયાર થયેલ પ્રોડક્ટ્સ મળશે. આ નવીન સાહસથી બનાસકાંઠામાં તૈયાર થયેલી વસ્તુઓ વેલ્યૂ એડિશન સાથે મોટાં શહેરોમાં ઉપલબ્ધ થશે અને વેચાણ વધશે, જેથી આવનારા દિવસોમાં સીધો ફાયદો ખેડૂતો અને પશુપાલકોને થશે.

બનાસ ડેરી પશુપાલકોના કલ્યાણ અર્થે દિન-પ્રતિદિન કાર્ય કરે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી સર્વાંગી વિકાસના હેતુ સારું દૂધ સિવાયના અન્ય કેટલાય પ્રોજેક્ટ્સ અને વ્યવસાયો શરૂ કરવામાં આવ્યા છે. આ નવા શરૂ કરાયેલા પ્રોજેક્ટ્સ અંતર્ગત બનાસકાંઠામાં તૈયાર થયેલ વસ્તુઓમાં વેલ્યૂએડિશન કરીને માર્કેટમાં મૂકવામાં આવે છે, જેનો સીધો ફાયદો પશુપાલકોને પ્રાપ્ત થાય છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં ગુજરાત સિવાય દેશનાં અન્ય રાજ્યમાં પણ બનાસ ડેરીના પ્લાન્ટ્સ ખોલવામાં આવ્યા છે. તાજેતરમાં દિલ્હી ખાતે અમૂલ બૂથની શરૂઆત કરવામાં આવી, જેમાં અમૂલ બ્રાન્ડના નામે બનાસ ડેરીમાં તૈયાર થયેલ વસ્તુઓ આ અમૂલ બૂથમાં મળશે.



## શક્તિપીઠ અંબાજી ખાતે

# વિધાનસભા અધ્યક્ષ અને બનાસ ડેરી ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ મા અંબાનાં દર્શન કર્યાં



શક્તિ, ભક્તિ અને આસ્થાના મહાકુંભ સમાન ભાદરવી પૂનમના મહામેળાના બીજા દિવસે ચેરમેન શ્રી શંકરભાઇ ચૌધરીએ અંબાજી મંદિરમાં માતાજીના ભક્તિભાવપૂર્વક દર્શન અને પૂજા-અર્ચના કર્યાં હતાં. તેઓશ્રીએ જગતજનની મા અંબે સમક્ષ શીશ ઝુકાવી ગુજરાતની સુખ, શાંતિ અને સમૃદ્ધિ માટે માતાજીને પ્રાર્થના કરી હતી અને અંબાજી મંદિરના ચાચરચોકમાં ભજન કરતા ભજનીકો સાથે બેસી ભજનના શૂરમાં શૂર પુરાવ્યો હતો. ભાદરવી પૂનમના મેળામાં ચોમેર આદ્યશક્તિ મા જગદંબાના જયકારના નાદથી વાતાવરણ અત્યંત ભક્તિમય બન્યું હતું.

ચેરમેનશ્રીએ મીડિયા સાથેની વાતચીતમાં અંબાજી મેળામાં આવતા પદયાત્રિકોને સ્વચ્છતા જાળવવાના અનુરોધ સાથે સેવાધર્મ નિભાવતા સેવાભાવી લોકોની સેવા ભાવનાને બિરદાવી હતી. લાખો લોકો અંબાજી મા જગદંબાના આશીર્વાદ લેવા આવે છે. મેળામાં સ્વાસ્થ્યથી માંડી સેનિટેશન સુધીની સુંદર વ્યવસ્થાઓ અને આયોજનતંત્ર દ્વારા કરવામાં આવ્યું છે, જે બદલ તંત્રને અભિનંદન પાઠવ્યાં હતાં. શક્તિપીઠ અંબાજીમાં એક જ સ્થળે ૫૧ શક્તિપીઠનાં દર્શનનો લહાવો મળે છે જેનો યાત્રાળુઓ લાભ લે છે. કામની સાથે લોકોની સેવાભાવનાને સમજી એ ભાવ જીવનમાં ઉતારવા અપીલ કરી હતી.

આ પ્રસંગે અંબાજી મંદિરના પૂજારીજીઓએ ચેરમેનશ્રીને માતાજીનો ખેસ પહેરાવી સ્વાગત કર્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય શ્રી લવિંગજી ઠાકોર, શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન તેમજ બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી વરુણકુમાર બરનવાલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી આર. આઈ. શેખ, વહીવટદાર સુશ્રી સિદ્ધિ વર્મા સહિત અધિકારીઓ અને પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.






# આદ્યશક્તિ મા અંબાજીનાં દર્શન કરવા જતા લાખો પદયાત્રીઓ માટે બનાસ ડેરીએ શરૂ કર્યો મેડિકલ સેવા કેમ્પ, દાંતા

**શ્રદ્ધાળુઓ સ્વસ્થ અને સહી-સલામત પોતાના ઘરે પાછા ફરે એ ઉમદા હેતુ સાથે બનાસ ડેરીએ દાંતા ખાતે બનાસ મેડિકલ કેમ્પનું આયોજન કર્યું છે**
**ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી**

પ્રસિદ્ધ અંબાજીધામ ખાતે શરૂ થયેલ ભાદરવી પૂનમના મહામેળામાં આદ્યશક્તિ મા અંબાજીની આરાધના અને દર્શન કરવા જતા લાખો પદયાત્રીઓની સેવા કરવા, મેડિકલ તેમજ આરામ કરવા માટેની ઉત્તમ સુવિધાઓ પૂરી પાડવાના સુગમ હેતુસર દાંતા ખાતે સૌ ભાવિક ભક્તોની ઉપસ્થિતિમાં ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ બનાસ ડેરી અને બનાસ મેડિકલ કોલેજ તેમજ જનરલ હોસ્પિટલ, પાલનપુર દ્વારા આયોજિત બનાસ મેડિકલ સેવા કેમ્પનો શુભારંભ કરાવ્યો હતો. આરોગ્યની શ્રેષ્ઠ સુવિધાઓ મા અંબાનાં દર્શને જતા ભક્તોને આપી એમના સ્વાસ્થ્યની કાળજી રાખવાના અભિગમ સાથે બનાસ ડેરીએ આ મેડિકલ સેવા કેમ્પ શરૂ કર્યો છે.

હાલમાં રાજ્યભરમાંથી પરમ ભક્તો મા અંબાનાં દર્શન કરવા માટે અંબાજી તરફ પગપાળા યાત્રા કરી રહ્યા છે, જેના કારણે જિલ્લાના રસ્તાઓ અત્યારે પદયાત્રીઓના 'જય જય અંબે' ના નારાથી ગુંજી ઊઠ્યા છે. આ પદયાત્રીઓની સેવા કરવા માટે મોટી સંખ્યામાં સેવાભાવી લોકો કેમ્પસ યોજીને નાસ્તા, જમવા, પાણીની સેવાઓ પૂરી પાડતા હોય છે ત્યારે બનાસ ડેરી દ્વારા એક અનોખા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. બનાસ ડેરી, બનાસ મેડિકલ કોલેજ અને જનરલ હોસ્પિટલ, પાલનપુર દ્વારા બનાસ ડેરીના શીત કેન્દ્ર, દાંતા ખાતે બનાસ મેડિકલ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. મા અંબાજીની પૂજા-અર્ચના અને આરતી કરીને ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ અને નિયામક મંડળ દ્વારા આ કેમ્પનો શુભારંભ કરવામાં આવ્યો હતો.

બનાસ મેડિકલ કેમ્પના શુભારંભ પ્રસંગે ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ ભાવિક ભક્તોને સંબોધતાં જણાવ્યું હતું કે જ્યારથી આપણી બનાસ મેડિકલ કોલેજ શરૂ થઈ છે ત્યારથી અંબાજી જતા યાત્રાળુઓ માટે મેડિકલ કેમ્પ શરૂ કરવામાં આવે છે. આ યાત્રાળુઓ માટે ઘણા બધા સેવાભાવી લોકો દ્વારા જમવા અને નાસ્તા માટેના કેમ્પસનું આયોજન તો કરવામાં આવે છે, પરંતુ આ યાત્રા દરમિયાન જ્યારે કોઈ ભક્તને તાવ આવે, બી.પી. વધ-ઘટ થાય, થાક લાગે, ઓક્સિજનની તકલીફ સર્જાય ત્યારે તે ભક્તને પાછા ઘરે જવું પડતું હોય છે અથવા તો તાત્કાલિક સારવારની જરૂર પડતી હોય છે તે પરિસ્થિતિમાં આ ભાવિક ભક્તોને તંદુરસ્તી સાથે મા અંબાનાં દર્શન કરી સહી-સલામત પોતાના ઘરે પાછા ફરે એ ઉમદા અભિગમ સાથે બનાસ ડેરી દ્વારા બનાસ મેડિકલ સેવા કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે.

અંબાજીની યાત્રા દરમિયાન જો કોઈ પદયાત્રી શારીરિક થાક અનુભવે કે દુખાવો થાય તો તેના માટે ફિઝિયોથેરાપી, કોઈ વ્યક્તિ બીમાર થાય તો તેના માટે તમામ પ્રકારની દવા, શૌચાલયની વ્યવસ્થા, પગના દુખાવા માટે ગરમ પાણી અને માલીશ, થાક અનુભવતા ભક્તો માટે મોટા પ્રમાણમાં ખાટલાની વ્યવસ્થા સાથે આરામકક્ષ બનાવાયો છે અને જો કોઈને શ્વાસમાં તકલીફ પડે તો તેના માટે ઓક્સિજનની સુવિધા તેમજ કોઈ પણ ઈમર્જન્સી સર્જાય તો માણસને બચાવી શકાય એવી વ્યવસ્થા સાથે ડોક્ટર્સની ૨૪ કલાક ઉપસ્થિતિમાં શ્રેષ્ઠ






રીતે સેવા પૂરી પાડવાનું આયોજન બનાસ ડેરીએ આ કેમ્પનું કર્યું છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે બનાસ ડેરીએ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી સાહેબની 'વેસ્ટ ટુ વેલ્થ'ની પરિકલ્પનાને પરિપૂર્ણ કરવાના ઉમદા અભિગમ સાથે સુઝુકી કોર્પોરેશન, જાપાન સાથે કરાર કરીને બનાસકાંઠા જિલ્લામાં ગોબરમાંથી બાયો સી.એન.જી. અને પ્રાકૃતિક ખાતર ઉત્પન્ન કરતા પ્લાન્ટ્સ સ્થાપિત કરવાનું નક્કી કર્યું છે. જિલ્લામાં બાયો સી.એન.જી. સ્ટેશન આવવાથી પશુપાલકો પાસેથી ગોબર ખરીદવાની માગમાં વધારો થશે, જેનો સીધો ફાયદો પશુપાલકોને આર્થિક રીતે થશે.

પશુપાલકો, ખેડૂતો અને જિલ્લાના સર્વાંગી વિકાસ બનાસ ડેરી દ્વારા કરાતાં નવતર સાહસો અને હાથ ધરાયેલા પ્રોજેક્ટ્સ અંગે જણાવ્યું હતું. બનાસ ડેરી ગુજરાત રાજ્ય બહાર પોતાની શાખાઓ કાર્યરત કરીને શ્વેતક્રાંતિને વેગ આપી રહી છે, દૂધ સિવાયના અન્ય ધંધાઓ વિકસાવી રહી છે, પશુપાલકોને આપવામાં આવતા વળતરમાં વધારો કરી રહી છે, પશુ સંવર્ધન માટે આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરી રહી છે જેવાં અનેક કાર્યોથી કાર્યક્રમમાં ઉપસ્થિત સૌને અવગત કર્યા હતા.

શ્રી શંકરભાઈ ચૌધરીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો ઉલ્લેખ કરતાં હર્ષભેર કહ્યું હતું કે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ એમના મુખ્યમંત્રી સમય દરમિયાન ગબ્બર પર્વત પર ૫૧ શક્તિપીઠની સ્થાપના કરી એ આજે શ્રદ્ધાળુઓ માટે એક જ જગ્યાએ એકસાથે ૫૧ શક્તિપીઠનાં દર્શન-પૂજન કરવાનો એક અણમોલ લહાવો છે. અંબાજીધામના વિકાસમાં મહત્ત્વપૂર્ણ યોગદાન આપવા બદલ માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનો અને અંબાજી જતા પદયાત્રીઓ માટે ઉત્તમ વ્યવસ્થા કરવા બદલ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ રાજ્ય સરકારનો આભાર માન્યો તેમજ પદયાત્રીઓ માટેના શરૂ કરાયેલ સેવા કેમ્પની મુલાકાત કરીને, સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી, સાથે અંબાજીધામની મુલાકાત કરીને મા અંબાનાં દર્શન કર્યાં હતાં.




# ચેરમેન, શ્રી શંકરભાઈએ વારાણસીમાં નિર્માણાધીન બનાસ ડેરી સંકુલની મુલાકાત કરી કર્યું કામગીરીનું નિરીક્ષણ



**યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના દૂરંદેશી નેતૃત્વમાં પૂર્વોત્તર ભારત શ્વેતક્રાંતિની દિશામાં એક પરિવર્તનકારી વિકાસયાત્રા તરફ આગળ વધી રહ્યું છેઃ ચેરમેન, શ્રી શંકરભાઈ**







માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના માર્ગદર્શન હેઠળ વારાણસીમાં ૩૦ એકર જમીનમાં ડેરીના નવા પ્લાન્ટનું નિર્માણ કાર્ય ચાલુ છે ત્યારે તાજેતરમાં જ ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે નિર્માણાધીન પ્લાન્ટની મુલાકાત કરીને કામગીરીનું નિરીક્ષણ કર્યું હતું તેમજ અધિકારીશ્રીઓને જરૂરી સૂચનો આપ્યાં હતાં. આ પ્લાન્ટની દૂધ પ્રોસેસિંગ ક્ષમતા ૫ લાખ લિટર પ્રતિદિવસ છે તેમજ અહીંયાં દૂધ, દહીં, પનીર, લસ્સી, આઈસક્રીમ અને મીઠાઈનું પણ ઉત્પાદન થશે. બનાસ ડેરી સહકારી ભાવના સાથે લાખો ખેડૂતો અને પશુપાલકોને જોડીને સર્વાંગી સુખાકારી માટે સતત કાર્યરત છે ત્યારે માત્ર ગુજરાતમાં જ નહિ પણ દેશનાં અન્ય રાજ્યમાં બનાસ ડેરીના પ્લાન્ટ્સ કાર્યરત કરવામાં આવી રહ્યા છે.

વારાણસી ખાતે નિર્માણાધીન બનાસ ડેરીના પ્લાન્ટનું ખાતમુહૂર્ત ૨૩ ડિસેમ્બર, ૨૦૨૧ના રોજ મોદીજીના શુભ હસ્તે કરવામાં આવ્યું હતું. વારાણસીમાં પ્લાન્ટનું નિર્માણ થવાથી ત્યાંના જૌનપુર, મછલીશહર, ચંદૌલી, ભદોહી, ગાઝીપુર, મીરજાપુર અને આઝમગઢનાં ૧૦૦૦ ગામના લગભગ ૧ લાખ કરતાં વધુ ખેડૂતો અને પશુપાલકોને દૂધ ઉત્પાદનના વ્યવસાયથી ફાયદો થશે તથા રોજગારના નવા અવસર યુવાઓને પ્રાપ્ત થશે, જે પ્રદેશની આવક અને સર્વાંગી વિકાસનો સ્રોત બનશે. વારાણસી ઝડપી વિકાસના મોડલમાં રૂપાંતરિત થઈ રહ્યું છે. બનાસ ડેરીનો આ નવો પ્લાન્ટ અને માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીનું માર્ગદર્શન વારાણસીના લોકોના જીવનમાં અભૂતપૂર્વ પરિવર્તન, સરળતા, સગવડતા અને સુવિધાઓ લાવશે.

બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ વારાણસી ખાતે નિર્માણ થનાર પ્લાન્ટની મુલાકાત કર્યા બાદ જણાવ્યું હતું કે છેલ્લાં ૭-૮ વર્ષમાં બનાસ ડેરી સ્થાનિક સમુદાયો, ગુજરાત બહારના સમુદાયો, ખાસ કરીને ખેડૂતો, પશુપાલકો અને મહિલાઓને સશક્ત બનાવવાનું કેન્દ્ર બની ગયું છે. ઉત્તરપ્રદેશ, હરિયાણા, રાજસ્થાન, ઓડિશા, આંધ્રપ્રદેશ અને ઝારખંડ જેવાં રાજ્યમાં બનાસ ડેરી પોતાની શાખાઓ શરૂ કરીને ખેડૂતો અને પશુપાલક સમુદાયને મદદ કરી રહી છે. સહકારી વિચારધારાના વિસ્તરણથી દેશના ખેડૂતો-પશુપાલકો સમૃદ્ધ બને તથા તેમની આવક વધે તે માટે બનાસ ડેરી સતત પ્રયત્નશીલ છે.



# બનાસકાંઠાના ખેડૂતોને અપાઈ મધમાખી ઉછેર અંગેની તાલીમ





નેશનલ 'બી' બોર્ડ, ન્યૂદિલ્હી અને નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડના સંયુકત ઉપક્રમે બનાસ ડેરી દ્વારા વૈજ્ઞાનિક ઢબે મધમાખી ઉછેર અંગેની તાલીમ બનાસ ઓઈલ સંકુલ, બાદરપુરા ખાતે યોજવામાં આવી હતી. સદર તાલીમમાં બનાસ ડેરી સાથે સંકળાયેલ મંડળીઓમાંથી સામાન્ય ૧૮ વર્ષથી ૩૦ વર્ષ ઉંમરના કુલ ૨૫ ખેડૂતોએ ભાગ લીધો હતો. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીએ ૨૦૧૬માં બનાસકાંઠાની ધરતી પરથી જિલ્લાના ખેડૂતોને મધની ખેતી કરવા આહવાન કર્યું હતું, બનાસ ડેરીએ તેનાથી પ્રેરિત થઈને મધ પ્રોજેક્ટ શરૂ કર્યો, જેના અંતર્ગત આજે જિલ્લાના ખેડૂતોને મધની ખેતી કરવા તાલીમ આપવામાં આવે છે. મધની ખેતી કરવા માટે આર્થિક સહાય અને જરૂરી મદદ પણ કરવામાં આવે છે. આજે ખેડૂતો ખેતરમાં પાકની ખેતી, દૂધનો વ્યવસાય અને મધની ખેતી કરીને આત્મનિર્ભર બની ગયા છે.

મધમાખી ઉછેર તાલીમમાં શરૂઆતના ત્રણ દિવસ ઈન હાઉસ તાલીમ આપવામાં આવી હતી. તા.૧૯-૮-૨૦૨૩થી તા.૨૬-૦૮-૨૦૨૩ સુધી અત્યારે આપણી મધમાખી બોક્સ કે જે વેરાવળ, સોમનાથ, ગડુ વિસ્તારમાં મૂકેલ છે તે વિસ્તારનો પ્રવાસ કાર્યક્રમ રાખેલ અને સદર પ્રવાસ દરમિયાન ખેડૂતોને પ્રેક્ટિકલ તાલીમ આપવામાં આવી હતી, સાથે-સાથે ઓફ-સિઝનમાં મધમાખીનો ઉછેર કઈ રીતે કરવો, સિઝનલ મેનેજમેન્ટ કઈ રીતે કરવું, માઈગ્રેશન, મધમાખીના રોગ-જીવાત અને તેનો કંટ્રોલ, બી-કીપિંગની શરૂઆત ક્યારે કરવી, પાકનું Floral calendar જેવા મુદ્દાઓ અંગેની માહિતી આપવામાં આવી હતી.

સદર તાલીમ તાઃ ૨૨-૦૮-૨૦૨૩ના રોજ શ્રીમતી પંક્તિબહેન નાયક, નેશનલ ડેરી ડેવલપમેન્ટ, આણંદના પ્રતિનિધિ તરીકે હાજર રહેલ તેમજ બનાસ ડેરીના મધ પ્રોજેક્ટના ઇનચાર્જ શ્રી નરસિંહભાઈ ગુર્જર દ્વારા સદર તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરેલ અને તાલીમાર્થીને બેગ તેમજ તાલીમ સર્ટિફિકેટનું વિતરણ સ્થળ પર કરેલ.





# ઈન્ટરનેશનલ ટ્રેડ શો ઓફ યુપીમાં
## બનાસ ડેરી બની સહભાગી




વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સફળ માર્ગદર્શન હેઠળ ઉત્તરપ્રદેશ રાજ્ય સરકાર ૨૧મીથી ૨૫મી સપ્ટેમ્બર, ૨૦૨૩ દરમિયાન ગ્રેટર નોઈડામાં ઈન્ડિયા એક્સ્પો સેન્ટર અને માર્ટ ખાતે યુપી ઈન્ટરનેશનલ ટ્રેડ શોનું સફળતાપૂર્વક ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુજી દ્વારા ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથની ઉપસ્થિતિમાં પ્રથમ UP ટ્રેડ શોનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. માનનીય રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ આટલા ભવ્ય ટ્રેડ શોનું આયોજન કરવા બદલ માનનીય મુખ્યમંત્રી યોગી અને તેમની સમગ્ર ટીમની પ્રશંસા કરી. તેમણે કહ્યું કે આ શો ઉત્તરપ્રદેશના વેપાર અને ઉદ્યોગોને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડશે.

દેશના મોટા ઉદ્યોગો, સ્ટાર્ટઅપ્સ, શિક્ષણ, કૃષિ, આરોગ્ય, પ્રવાસન અને સંસ્કૃતિ, ઊર્જા ક્ષેત્રોના ઉદ્યોગસાહસિકો, ઉત્પાદકો અને નિકાસકારોને વૈશ્વિક પ્લેટફોર્મ પૂરું પાડવાના ઉદ્દેશ્ય સાથે આંતરરાષ્ટ્રીય વેપાર શોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં એશિયાની સૌથી મોટી બનાસ ડેરીએ ભાગ લીધો હતો. બનાસ ડેરીએ આ શોની અંદર પોતાનો એક સ્ટોલ ઊભો કરીને તેમાં બનાસ ડેરીમાં તૈયાર થયેલ તમામ પ્રોડક્ટ્સને પ્રદર્શિત કરી હતી. બનાસ ડેરીના બોર્ડ ડિરેક્ટર શ્રી ભરતભાઈ પટેલજી એ એક્સ્પોમાં હાજરી આપી હતી.

ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ યુપી ખાતે આયોજિત ઈન્ડિયા એક્સ્પો સેન્ટર અને માર્ટમાં બનાસ ડેરીએ લીધેલ ભાગ સંદર્ભે જણાવ્યું હતું કે બનાસ ડેરી ગ્રામ્ય વિસ્તારને આત્મનિર્ભર બનાવીને નવભારતના નિર્માણમાં અમૂલ્ય યોગદાન આપી રહી છે. ડેરી સેક્ટરનું સામર્થ્યના માત્ર ગ્રામીણ અર્થવ્યવસ્થાને ગતિ આપે છે, પરંતુ તે સમગ્ર દુનિયામાં કરોડો લોકોની આજીવિકાનું પણ પ્રમુખ સાધન છે. વિશ્વના અન્ય વિકસિત દેશોથી અલગ ભારતમાં ડેરી સેક્ટરની સાચી તાકાત નાના ખેડૂત છે.ભારતના ડેરી સેક્ટરની ઓળખ મોટા પાયે ઉત્પાદનથી વધારે જનતા દ્વારા થતાં ઉત્પાદને કરી છે.આજે ભારતમાં ડેરી કો-ઓપરેટિવનું એક એવું વિશાળ નેટવર્ક છે, જેની મિસાલ સમગ્ર દુનિયામાં મળવી મુશ્કેલ છે. ડેરી કો-ઓપરેટિવ દેશનાં બે લાખથી વધારે ગામમાં લગભગ બે કરોડ ખેડૂતો દિવસમાં બે વાર દૂધ જમા કરાવે છે અને તેને ગ્રાહકો સુધી પહોંચાડે છે. મને વિશ્વાસ છે કે આ સંમેલન વિચાર, ટેક્નોલોજી, વિશેષજ્ઞતા અને ડેરી ક્ષેત્ર સાથે જોડાયેલી પરંપરાઓના સ્તરે એકબીજાની જાણકારી વધારવા અને શીખવામાં ઘણી મોટી ભૂમિકા નિભાવશે.



# બનાસકાંઠાના યુવા વ્યસનના ગુલામ ન બને તે માટે બનાસ ડેરીએ શરૂ કર્યું વ્યસનમુક્તિ મહાઅભિયાન



બનાસ ડેરી થકી જિલ્લાના યુવા વર્ગને અને અન્ય જે લોકો વ્યસની બની ગયા છે કે બની શકે છે તેવા લોકોને નશાથી દૂર રાખવા અને જીવનમાં સારું કરવા વ્યસન મુક્તિ અભિયાન અંતર્ગત વ્યસન છોડવાની તાલીમ અને જાગૃતતા ફેલાવવા આવે છે. બનાસ ડેરી દર વર્ષે ૩૧ મેના રોજ વિશ્વ તમાકુ નિષેધદિનની ઉજવણી કરે છે. બનાસ ડેરીનો આ દિવસ મનાવવાનો મુખ્ય હેતુ એ જ છે કે લોકો પોતાના સ્વાસ્થ્ય પ્રત્યે જાગૃત બને અને શરીરને નુકસાન પહોંચાડતી વસ્તુઓથી દૂર રહે. આ જ કારણ છે કે વિશ્વ તમાકુ નિષેધના દિવસે ઘણાં જાગૃતિ અભિયાન દ્વારા તમાકુના સેવનથી સ્વાસ્થ્યને થતા નુકસાન અંગે લોકોમાં જાગૃતિ ફેલાવાય છે અને તેનાથી શરીરમાં થનાર જીવલેણ પ્રભાવો અંગે સમજાવવામાં આવે છે.

**વ્યસનમુક્તિ માટે બનાસ ડેરી દ્વારા રખાતી કાળજી**

- બનાસ ડેરી નશામુક્ત બનાસકાંઠા અભિયાન હેઠળ જુદા જુદા વક્તાઓને પ્રવચન આપવા તેમજ વિષય નિષ્ણાતોને નશામુક્તિ વિષય પર નશો કરતી વ્યક્તિઓ અને યુવાનોને માર્ગદર્શન આપવા બોલાવવામાં આવે છે.
- હોર્ડિંગ લગાવીને વ્યસન કરવાથી થતા રોગો અને નુકસાન અંગે સમજાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.
- કોઈ વ્યક્તિ વ્યસનની કુટેવમાં ફસાયેલ હોય તો તેને નિષ્ણાતની મદદ અપાય છે અને માર્ગદર્શન થકી વ્યસન છોડાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.
- ડેડ ડિક્શન સેન્ટર પર અનેક દર્દીઓને સારવાર આપવામાં આવે છે.
- બનાસ ડેરીના કેમ્પસની અંદર દરરોજ લોકોની તપાસ



કરવામાં આવે છે અને જો કોઈ વ્યક્તિ પાસેથી વ્યસન કરવાની ચીજવસ્તુ મળી આવે તો તેને લઈ લેવામાં આવે છે અને વ્યક્તિને નોટિસ આપવામાં આવે છે, જેથી તે આગળથી વ્યસન ના કરે.

બનાસ મેડિકલ કોલેજ અને રિસર્ચ ઈન્સ્ટિટ્યૂટ મનોચિકિત્સા વિભાગ હેઠળ ઓગસ્ટ-૨૦૨૦થી વ્યસનમુક્તિ સારવાર કેન્દ્ર ચલાવે છે. આ કેન્દ્રમાં આલ્કોહોલ, તમાકુ, ઓપીયોઈડ્સ, બેન્ઝોડીએઝેપાઈન્સ, કેનાબીસ વગેરે વ્યસનથી પીડાતા દર્દીઓની નોંધણી કરીને તેમને સારવાર આપવામાં આવે છે. વ્યસન સામે લડવા માગતા અથવા વ્યસન છોડાવવા માટે અહીંયાં તેમને સાઈકોટ્રિક, મેડિટેશન અને પૂરતું માર્ગદર્શન આપવામાં આવે છે. કેટલીક વ્યક્તિઓને વોર્ડની અંદર રાખીને સારવાર આપવામાં આવે છે.

આ સમગ્ર પ્રોસેસની વાત કરીએ તો પહેલાં વ્યસન કરતી વ્યક્તિને સમજાવીને વ્યસન છોડવા માટે કહેવામાં આવે છે, અને જ્યારે તે વ્યસન છોડવા માટે તૈયાર થાય છે ત્યારે તેને સાઈકિયાટ્રિક દ્વારા સમજાવવામાં આવે છે અને વ્યસન કરવાથી શું ખરાબ અસર થાય છે અને વ્યસન છોડવાથી શું શું ફાયદા થાય અને જીવન કઈ રીતે સારું બને છે તે બાબતે માર્ગદર્શન પૂરું પાડવામાં આવે છે. તેઓને વ્યસન છોડવા માટે પ્રોત્સાહન સાથે સમજણ પૂરી પાડવામાં આવે છે તેમજ જરૂર લાગે ત્યાં સુધી માર્ગદર્શન આપવામાં આવતું રહે છે.

સાઈકોથેરાપી વ્યસન કરતી વ્યક્તિને વ્યસન છોડવામાં મદદ કરે તેમજ સમાજની અંદર તેની ખોવાયેલી છબીને પાછી મેળવવા માટે મદદ કરે છે અને તેના અને તેના નજીકના સબંધીઓના જીવનને ખૂબ સારું બનાવે છે. અહીંયાં ગ્રૂપ થેરાપીનું પણ આયોજન કરવામાં આવે છે, જેની અંદર દરેક વ્યસન કરતો વ્યક્તિ પોતાનો અનુભવ બધાં સમક્ષ રજૂ કરે છે અને વ્યસનમુક્ત જીવન મેળવવા માટે બધાને પ્રેરણા પૂરી પાડે છે.

## વ્યસન એ મનુષ્ય માટે કલંકરૂપ છે, તે વ્યક્તિને દુનિયાથી દૂર કરે છેઃ ચેરમેન, શ્રી શંકરભાઈ



ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી પોતાના રોજિંદા જીવનમાં સ્વાસ્થ્યની ખૂબ જ કાળજી રાખે છે અને પોતાની આસપાસના લોકોને પણ તંદુરસ્તી જાળવવા પ્રેરણા આપતા રહે છે. તેઓશ્રી કોઈ પણ કાર્યક્રમ હોય કે ગ્રામ્ય વિસ્તારની મુલાકાત એ દરમિયાન વ્યસન અંગે જાગૃતતા ફેલાવવાનો પ્રયાસ કરે છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનું માનવું છે કે માણસના જીવનમાં તકલીફો આવે છે ત્યારે તેનાથી દૂર જવા અને બચવા માણસ વ્યસનનો સહારો લે છે. વ્યસનના નશામાં ડૂબી જઈ થોડા સમય માટે માણસ તેના દુઃખને ભૂલી જવાનો પ્રયાસ કરે છે, જ્યારે અમુક લોકો બે ઘડી આનંદ માણવા અથવા મોજશોખ ખાતર પણ વ્યસન કરે છે પણ તેમને ખબર હોતી નથી કે તેઓ તેનાથી ધીરે ધીરે બરબાદ થઈ રહ્યા છે. માણસ પોતાની કમાઈ તેની પાછળ વેડફે છે, તકલીફોને આવકારે છે, શરીર બગાડે છે, પરિવારને મુશ્કેલીમાં નાખે છે, દુઃખી થાય છે અને છેવટે મૃત્યુને વહેલું બોલાવે છે. આજકાલ નાનાં નાનાં ફૂલ જેવાં કોમળ ભૂલકાંઓ પણ તમાકુ-ચૂનો, પાન-મસાલા, ગુટખાના બંધાણી બનવા માંડ્યાં છે. ફક્ત મોટાં શહેરોમાં જ નહિ પરંતુ નાનાં નાનાં ગામડાંનાં બાળકો પણ ચોરીછૂપીથી આનો શિકાર બનવા લાગ્યાં છે.

જો કોઈ વ્યક્તિએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરવું હોય, સારું જીવવું હોય તો વ્યસનોથી દૂર રહેવું જ જરૂરી છે. પ્રભુએ આપણને આ મહામૂલો મનુષ્ય અવતાર આપ્યો છે અને તેમાંય સુખ સંપત્તિ બક્ષી છે. મનુષ્ય સામાજિક સંબધોના રીતરિવાજોમાં ખોવાઈ ગયો છે, જેનાથી પર રહીને સુખમય જીવન, આનંદમય જીવન, આશામય જીવન, અમૃતમય જીવન, ઈશ્વરમય જીવન જીવવું હોય તો વ્યસનનું આગમન આપણા આંગણે કદી પણ થવા દેશો નહીં. કુદરતે બક્ષેલું આ જીવન ફક્ત જેમ તેમ જીવવા માટે નથી. દરેક વ્યક્તિ તેને જીવે છે, પરંતુ જીવન કેવી રીતે જીવવું તે અગત્યનું છે.

જિલ્લાના યુવાનો અને અન્ય લોકો પણ વ્યસનના રવાડે ના ચઢે તથા જે લોકો વ્યસની બની ગયા છે તેમને વ્યસન છોડાવવામાં અને જીવન સારું બનાવવા બનાસ ડેરી થકી અનેક મદદ કરવામાં આવી રહી છે. જિલ્લાની સિવિલ હોસ્પિટલમાં પણ ડોક્ટરો દ્વારા યુવાનોને માર્ગદર્શન આપવામાં આવે છે. વ્યસન ના કરવા માટે જાગૃતતા લાવવા અનેક પ્રકારના કાર્યક્રમો અને બેનરો લગાવવામાં આવે છે. શિક્ષણ સંસ્થા શરૂ કરવામાં આવી છે, જેથી યુવાનો શિક્ષણ મેળવતા થાય અને વ્યસનના રવાડે ના ચડે. ડેરી થકી અનેક રોજગારીની તકો આપવામાં આવે છે, જેના કરણે યુવાનો પોતાના જીવન સાથે સારું કરે અને વ્યસનના રવાડે ના ચઢે. વ્યસન એ મનુષ્ય માટે કલંકરૂપ છે, કારણ કે તે હંમેશાં માનવને ભગવાનથી, માનવતાથી,પરિવારથી, મિત્રોથી અને આ દુનિયાથી દૂર કરે છે.

## વ્યસન ન કરવું જોઈએ!



વ્યસન ઘણાં પ્રકારનાં હોય છે. બીડી-ધૂમ્રપાનનું વ્યસન, દારૂનું વ્યસન, ઠંડાં પીણાંનું વ્યસન. આવાં તો અનેક પ્રકારનાં ઘણાં બધાં વ્યસન આપણને જોવા મળે છે. વ્યસન કરવાથી ઘણા બધા રોગો થાય છે, જેમ કે ઉધરસ, તાવ, શરદી, લ્યુપસ ઈરિથોમેટ્સ, વાળ ખરી પડવા, મોમાં ચાંદાં પડે, મોતિઓ આવવો, ચામડી પર કરચલી પડવી, શ્રવણશક્તિ ઘટવી, ફેફસાંના રોગો, દાંતનો સડો, ચામડીનું કેન્સર, હાડકાં પોલાં થઈ જવાં, હૃદયરોગ, હોજરીમાં ચાંદાં પડવાં, સ્ત્રીઓમાં ગર્ભાશય અને ગર્ભાશયના મુખનું કેન્સર, શુક્રાણુઓની સમસ્યા અને નપુંસકતા, લોહીની નળીઓનો રોગ વગેરે જેવા રોગો થાય છે.

ભારતમાં દર વર્ષે કરોડો રૂપિયાની સિગારેટ પીવાતી હશે અને એ જ સિગારેટ પીવાથી થતા રોગો મટાડવા પણ કરોડોનો ખર્ચો થતો હશે. જો આટલું ધન બચાવી શકાય તો એનાથી બેરોજગારીની સમસ્યા ઉકેલી શકાય. ધૂમ્રપાનથી સમય અને નાણાંનો બગાડ થાય છે. કેન્સર અને ક્ષયના દર્દીઓમાંથી મોટા ભાગના દર્દીઓ વ્યસની હોય છે. ધૂમ્રપાનના કારણે દેશમાં દર વર્ષે લગભગ લાખો લોકો અકાળે મૃત્યુ પામે છે.




# પશુ સંવર્ધન માટે આધુનિક સુવિધા અને ટેક્નોલોજીથી સજ્જ સીમેન સ્ટેશન, દામા

ભારત તથા સમગ્ર વિશ્વમાં પશુપાલન વ્યવસાયને વધુમાં વધુ નફાકારક બનાવવા માટે વૈજ્ઞાનિક બીજદાનથી પશુ સંવર્ધન એ પશુપાલન ક્ષેત્રમાં અવિભાજિત અંગ બની ગયું છે. આજે વિશ્વના પ્રગતિશીલ દેશોમાં પશુ સંવર્ધન વૈજ્ઞાનિક બીજદાન વધુમાં વધુ થાય છે. થીજવેલ વીર્યને વૈજ્ઞાનિક બીજદાન અને ગર્ભ પ્રત્યારોપણની પધ્ધતિમાં પશુ સંવર્ધન ક્ષેત્રે અગ્રીમ સ્થાન મેળવ્યું છે.

બનાસકાંઠા જિલ્લો ગુજરાતની ઉત્તર-પશ્ચિમે આંતરરાજ્ય તથા આંતરરાષ્ટ્રીય સીમા સાથે સંકળાયેલો છે, જેમાં મોટા ભાગનો વિસ્તાર ડુંગરાળ, રણ તેમજ આદિવાસી વિસ્તારમાં વહેંચાયેલો છે. આ જિલ્લાનો મુખ્ય વ્યવસાય પશુપાલન છે. જે જિલ્લાના ગરીબ લોકોને આજીવિકા રળી આપે છે. આ જિલ્લામાં જગવિખ્યાત કાંકરેજ જાતિની ગાય, બળદ તથા મહેસાણી ભેંસ મુખ્ય પશુધન છે.

જિલ્લા માટે ગરીબી નિવારણ તથા સામાજિક આર્થિક ઉત્થાન માટે પશુધન વ્યવસાય અસરકારક સાધન બની રહેલ છે. આમ, ગ્રામ્ય ગરીબોને ઊંચા લાવવા માટે અવારનવાર અછતનાં વર્ષોમાં ખેતી નિષ્ફળ નિવડશે ત્યારે પશુપાલન એ આશીર્વાદરૂપ વ્યવસાય બની રહે છે. તે માટે જો પશુપાલકો પાસે વધુ દૂધ આપનાર પશુઓ હશે તો તેઓ આર્થિક રીતે વધુ મજબૂત બનશે. એ હેતુને ધ્યાનમાં રાખીને બનાસ ડેરી દ્વારા જિલ્લાના પશુપાલકોને વૈજ્ઞાનિક બીજદાન થકી પશુઓની નવી ઓલાદો મેળવી આપવામાં મદદ કરે છે.

બનાસકાંઠામાં હાલ દૂધ સંપાદનમાં કાંકરેજ (દેશી) ગાય, ભેંસ અને ગાયના દૂધનો સમાવેશ થાય છે, તેમાં કાંકરેજ ગાયનું દૂધ તો નહીંવત્ પ્રમાણમાં જ આવે છે. બનાસકાંઠા જિલ્લામાં જતન અને સંરક્ષણ કરવા બનાસ ડેરીએ કાંકરેજ ગૌવંશ સુધારણા અને સંરક્ષણ કાર્યક્રમ અમલમાં મૂકેલ છે.

**પશુ સંવર્ધનમાં ઝડપી સુધાર થાય તે માટે બનાસ ડેરી દ્વારા લેવાયેલાં પગલાં**

દામા ખાતે મહેસાણી ભેંસ, કાંકરેજ ગાય અને એચ.એફ. ગાયના સારી ઓલાદના આખલા-પાડા રાખવામાં આવ્યા છે. આખલા-પાડાની પસંદગી કરવા માટેનો માપદંડ પણ ઊંચો કરવામાં આવ્યો છે. ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરી સાહેબના નેતૃત્વમાં બનાસ ડેરીની પશુ સંવર્ધન નીતિમાં ઉત્તરોત્તર ઘણી પ્રગતિ થઇ છે. અત્યારે અઠવાડિયામાં અંદાજિત ભેંસ, કાંકરેજ ગાય અને એચ.એફ. ગાયના આખલા અને પાડાના ૪૬,૬૭૦ ડોઝ તૈયાર થાય છે, જે ભેંસો દૈનિક ૨૦થી ૩૨ લિટર દૂધ, કાંકરેજ ગાયો દૈનિક ૨૦થી ૨૬ લિટર દૂધ અને એચ.એફ. ગાયો પણ દૈનિક ૩૦થી ૬૦ લિટર દૂધ આપતી હોય તેવાં પશુઓના ઉત્તમ ઓલાદના આખલા-પાડાની પસંદગી કરી દામા ખાતે ઉછેર કરી લેબોરેટરી પરીક્ષણ કરી બીજદાનના ડોઝ બનાવવામાં આવે છે. વધુમાં સંઘ દ્વારા પાડી-વાછરડી આવે તેવા સેક્સ સોર્ટેડ (Sex Sorted ) બીજદાનના ડોઝ પણ ખરીદી કરીને માત્ર રૂ.૧૦૦ પ્રતિ ડોઝ (ભેંસ અને એચ.એફ.) તથા કાંકરેજના વિનામૂલ્યે આપવામાં આવે છે. ગર્ભ પ્રત્યારોપણ પ્રોજેક્ટ પણ ચાલુ છે. પશુની ઓલાદમાં સુધારો થાય અને દૂધ ઉત્પાદનમાં વધારો થાય તેના માટે તમામ પ્રયાસો કરવામાં આવે છે. સાંઢમાંથી દામા ખાતે બીજદાન ડોઝ બનાવીને જિલ્લાનાં બીજદાન કેન્દ્રો ઉપર વિતરણ કરવામાં આવે છે, જેથી આવનાર પશુધન વધુ દૂધ આપતું થાય અને દૂધ ઉત્પાદકોની આવક બમણી થાય, જેથી તેઓ આર્થિક રીતે પગભર થઈ આત્મનિર્ભર બને.





# વીમા કંપની સામે કેસ જીતીને બનાસ ડેરીએ પશુપાલકોને અપાવી આર્થિક સહાય

### પશુપાલકોના હિતમાં બનાસ ડેરીએ વીમા કંપની સામે કરેલ કેસમાં પશુપાલકોની થઈ જીત



બનાસ ડેરી સંઘ સાથે જોડાયેલા કોઈ પણ પશુપાલક કે ખેડૂતનું અકસ્માતે મૃત્યુ થાય તો તેના વારસદારને આર્થિક સહાય આપવાના ઉદ્દેશ સહ વીમા કંપનીઓ સાથે પોલિસી કરીને સુરક્ષા સહાય પૂરી પાડે છે, પરંતુ થોડા સમય પહેલાં અમુક સંજોગોમાં વીમા કંપનીએ અકસ્માત તેમજ કુદરતી મૃત્યુ સહાયના કેસમાં પશુપાલકોને ૧૩૦૬ કેસમાં પૈસા ન ચૂકવતાં પશુપાલકો વતી બનાસ ડેરી કોર્ટમાં ગઈ હતી. સન્માનનીય કોર્ટે બનાસ ડેરીના પક્ષમાં ચુકાદો આપીને જે તે વીમા કંપનીઓને વ્યાજ સહિત મૂડીની ચુકવણી કરવાનો આદેશ કર્યો છે.

વર્ષ ૨૦૧૭-૧૮માં બનાસ ડેરી અને જિલ્લાની દૂધ મંડળી દ્વારા એસ.બી.આઈ. લાઈફ ઈન્સ્યોરન્સ અને અન્ય વીમા કંપની મારફત જૂથ વીમો લેવામાં આવેલ હતો, જે પૈકી એસ.બી.આઈ. ઈન્સ્યોરન્સ કંપની તરફથી મળવાપાત્ર રૂ.૩૦,૦૦૦ જેટલી રકમ બનાસ ડેરીએ લાભાર્થીઓને જે તે સમયે ચૂકવી દીધી હતી, પરંતુ અમુક વીમા કંપનીએ રકમ ચૂકવી ન હતી, જેથી બનાસ ડેરીએ પોલિસી પ્રમાણે મળવાપાત્ર રકમ પશુપાલકોને ચૂકવવાના હેતુ સાથે કોર્ટમાં કંપની સામે કેસ કર્યો હતો. માનનીય કોર્ટે હવે બનાસ ડેરીના પક્ષમાં ચુકાદો આપીને પશુપાલકોને ન્યાય આપ્યો છે. પશુપાલકોને હકની રકમ અપાવવા માટે પશુપાલકોના વિશાળ હિતમાં બનાસ ડેરી દ્વારા વીમા કંપની સામે નામ કોર્ટમાં દાવો દાખલ કરવામાં આવેલ, જેમાં નામ. કોર્ટે બનાસ ડેરીની તરફેણમાં ચુકાદો આપતાં પશુપાલકોને વ્યાજ સહિત ચૂકવવાપાત્ર રકમ બનાસ ડેરીએ પશુપાલકોના ખાતામાં જમા કરાવી દીધી છે. બનાસ ડેરીએ જીત મેળવી છે અને કુલ ૧૩૦૬ કેસમાં કુલ મળીને કેસ જીતતાં ૫,૧૫,૧૨,૫૮૬ રૂપિયા વીમા કંપનીએ બનાસ ડેરીને ચૂકવેલ છે. જો પશુપાલકોના પક્ષમાં કોઈ કાર્યવાહી કરવામાં આવી ન હોત તો પશુપાલકોને વીમા કંપની તરફથી મળવાપાત્ર રકમ ખોવાનો વારો આવ્યો હોત, પરંતુ બનાસ ડેરીએ પશુપાલકોના હિતને ધ્યાનમાં રાખીને પશુપાલકોના સાથ-સહકાર સાથે કોર્ટમાં કેસ કરીને મોટી જીત પ્રાપ્ત કરી છે. બનાસ ડેરીએ કોર્ટની અંદર કેસ જીતીને પશુપાલકોને આર્થિક સહાય અપાવવાનું કાર્ય કર્યું છે.



**ડેરી ઉદ્યોગ સાથે જોડાઈને લાખો મહિલાઓ પોતાનું જીવન સન્માન સાથે જીવી રહી છે અને સમાજ માટે આત્મનિર્ભરતાનું પ્રતીક બની છે. મહિલા પશુપાલકોની આ સુંદર તસવીર તેનું ઉત્તમ ઉદાહરણ છે.**

